Re-Accredited by NAAC with 'A' Grade

**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**

University Campus, Udhna Magdalla Road, SURAT

**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**

યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત

Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax

E-mail : info@vnsgu.ac.in Website : www.vnsgu.ac.in

ક્રમાંક : એકે./પરિપત્ર/૫૮૪૬/૨૦૨૦

તા. ૧૬/૦૭/૨૦૨૦

પ્રતિ,
વડાશ્રી,
શ્રી જી.સી.પટેલ ઈન્સ્ટીટયૂટ ઓફ આર્કિટેકચર,
ઈન્ટીરીયર ડિઝાઈન એન્ડ ફાઈન આર્ટ્સ
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,
સુરત.

**<u>વિષયઃ</u>**– શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦ માં પ્રવેશ લીધેલ વિદ્યાર્થીઓનાં "Practical Training" અંગે.

સુજ્ઞશ્રી,

સવિનય જણાવવાનું કે,જીસીપીઆઈએમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦ થી ચાલતા MURP તેમજ M.Arch (લેન્ડસ્કેપ આર્કિટેકચર)નાં પ્રોગ્રામ અંગે ચર્ચા કરતા ફેકલ્ટી ઓફ આર્કિટેકચર એન્ડ ડિઝાઈન અને આર્કિટેકચર બોર્ડનાં સભ્યોની સયુંકતની તા.૦૧/૦૬/૨૦૨૦ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૩ અન્વયે નીચે મુજબ ભલામણ કરેલ છે. જે ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા.૩૦/૦૬/૨૦૨૦ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૧૩૦ અન્વયે મજૂર કરેલ છે. તેની જાણ સંબંધકર્તા શિક્ષકો અને વિદ્યાર્થીઓને કરવી, તદ્દઉપરાંત તેના અમલ કરવા.

**<u>ફેકલ્ટી ઓફ આર્કિટેકચર એન્ડ ડિઝાઈન અને આર્કિટેકચર બોર્ડનાં સભ્યોની સયુંકતની તા.૧/૦૬/૨૦૨૦ ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૩</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ડિપાર્ટમેન્ટ ઓફ આર્કિટેકચર(ગીજુભાઈ સી પટેલ ઈન્સ્ટીટયૂટ) ખાતે ચાલતા MURP તેમજ M.Arch (લેન્ડસ્કેપ આર્કિટેકચર)નાં પ્રોગ્રામના શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦ માં પ્રવેશ લીધેલ વિદ્યાર્થીઓએ સેમેસ્ટર–૨ અને ૩ વચ્ચેના સમયગાળા દરમિયાન "Practical Training" કરવાની હતી. પરંતુ COVID-19ની મહામારીના ચાલતા રાષ્ટ્રીય લોકડાઉનના કારણે આ Training થઈ શકી ના હોય ઉપરોકત Training સેમેસ્ટર–૪ની પરીક્ષા પૂર્ણ થયા પરિણામની રાહ જોયા વગર તરત જ શરૂ કરી શકશે. તેવી ભલામણ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા.૩૦/૦૬/૨૦૨૦ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૧૩૦</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ફેકલ્ટી ઓફ આર્કિટેકચર એન્ડ ડિઝાઈન અને આર્કિટેકચર બોર્ડનાં સભ્યોની તા.૦૧/૦૬/૨૦૨૦ની સંયુકત સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૩ અન્વયે કરેલ ભલામણ મંજૂર કરવામાં આવે છે.

ઈ.ચા.કુલસચિવ

પ્રતિ,

૧) કાર્યકારી અધ્યક્ષશ્રી, આર્કિટેકચર વિદ્યાશાખા,
૨) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.
૩) પી.જી. વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.

...તરફ જાણ તેમજ અમલ સારૂ.